ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરમાં છપ્પન ભોગ ધરાવાયા

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરમાં દેવ દિવાળી નિમિત્તે બુધવારે ભગવાનને છપ્પન ભોગ ધરાવવામાં આવ્યો હતો. ખેડબ્રહ્મા શહેરમાં છપ્પન ભોગનું પ્રથમ વખત આયોજન થતાં હજારોની સંખ્યામાં દર્શન માટે ભાવિકો ઉમટી પડ્યા હતા. છપ્પન ભોગના મુખ્ય યજમાન તરીકે લખુભાઈ ભીમજીભાઈ અટારા પરિવારે ધર્મ લાભ લીધો હતો. બ્રહ્માકુમારી જ્યોતિબેને દિપ પ્રગટાવી છપ્પન ભોગને ભાવિક શ્રદ્ધાળુઓ માટે ખુલ્લો મુક્યો હતો. વડોદરા જિલ્લાના સાવલી ગામના દ્વારકાધીશ મંદિરના મુખીયાજી હરેશભાઈ આર. રાયગોર છપ્પન ભોગની મીઠાઈઓ તથા વિવિધ વાનગીઓ હવેલી મંદિરની મર્યાદા મુજબ તૈયાર કરી ભગવાનને ધરાવવામાં આવી હતી. આ પ્રસંગે હસમુખભાઈ મોદી, પંકજભાઈ એમ. શાહ, જેઠાલાલ ટી. મિસ્ત્રી સહિત અન્ય શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. છપ્પન ભોગને ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જસવંતલાલ ભાવસાર, અરવિંદભાઈ પટેલ (મુખી) તથા સમિતિના સભ્યો ફુલજીભાઈ પટેલ, દિપકભાઈ ભાવસાર, અરવિંદભાઈ સુથાર, પુજારી જસવંતભાઈ પંડ્યા સહિત ગોપી મંડળની બહેનોએ જહેમત ઉઠાવી હતી.

(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

ઊંઝાના ભાન્ડુ ગામ પાસે અકસ્માતમાં બે ના મોત

ઊંઝા, તા. ૨૮

ઊંઝા-મહેસાણા ફોરલેન હાઈવે પર ઉનાવા અને ભાન્ડુ પાસે બે વાહન અકસ્માતોમાં બે વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા.

ઊંઝા નજીકના ઉનાવા ગામે રહેતા માવજીભાઈ શીવરામ રાવળ ઉં.વ. ૫૮ બપોરના સમયે સાયકલ પર ઉનાવા બાયપાસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી પૂરઝડપે આવેલ અમદાવાદ પાસિંગની મોટરકારે સાયકલીસ્ટને જોરદાર ટક્કર મારી હતી જેથી સાયકલીસ્ટનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. અકસ્માતનો બીજો બનાવ ભાન્ડુ પાસે બન્યો હતો.

મૂળ પાટણ તાલુકાના અધાર ગામના વતની અને અમદાવાદ ખાતે રહેતા મુકેશભાઈ ઝવેરભાઈ પટેલ પરિવારના સભ્યો સાથે અમદાવાદથી પગપાળા કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજીના દર્શન કરવા માટે જવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં ભાન્ડુ નજીક પાછળથી પૂરઝડપે આવી રહેલ ટ્રકે તેમને અડફેટમાં લેતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તને સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં તેમનું કરૂમ મોત નિપજ્યું હતું.

ક્ષત્રિય ઠાકોર સંઘર્ષ સમિતિની બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨૮

ગુજરાત પ્રદેશ ક્ષત્રિય ઠાકોર વિકાસ સંઘર્ષ સમિતિની સામાન્ય બેઠક તાજેતરમાં મહેસાણા મુકામે યોજાઈ હતી. જેમાં સંઘર્ષ સમિતિએ તમામ રાજકીય પક્ષો સાથે છેડો ફાડી રાષ્ટ્રીય રણબંકા સેનાને પોતાનો ટેકો જાહેર કર્યો હોવાનું માલુમ પડ્યું છે.

ગુજરાત રાજ્યમાં ક્ષત્રિય ઠાકોર સમાજની ૪૦ ટકા વસ્તી હોવા છતાં હોલની વિધાનસભામાં ભાજપ કોંગ્રેસ અને જીપીપી વિગેરે મુખ્ય પક્ષોએ સીટોની વહેંચણીમાં ઠાકોર ક્ષત્રિય સમાજની અવગણના કરી અન્ય જાતિના ઉમેદવારોને મોટી સંખ્યામાં ટીકીટોની ફાળવણી કરી છે. જેથી ગુજરાત ઠાકોર ક્ષત્રિય સંઘર્ષ સમિતિએ તમામ રાજકીય પક્ષો સાથે છેડો ફાડી રાષ્ટ્રીય રણબંકા સેનાને ટેકો જાહેર કરી સમાજના ૧૭ પ્રશ્નોનું નિરાકરણ લાવવાના હેતુ સાથે પક્ષના નેજા હેઠળ ગુજરાત રાજ્યમાં પ્રથમ અને બીજા તબક્કાના કુલ ૪૫ જેટલા અપક્ષ ઉમેદવારોને ચૂંટણીઓ લડવા તથા કોંગ્રેસ ભાજપ અને જીપીપીને મક્કમ લડત આપવાનો નિર્ધાર જાહેર કરી ઠાકોર ક્ષત્રિય સમાજને એક જૂથ થઈ સમાજના અપક્ષ ઉમેદવારોને ચૂંટણીઓ જીતાડવા આહવાન કર્યું છે.

૧૦.૫ ડિગ્રી સાથે નલિયા રાજ્યનું ઠંડુ શહેર

રાજ્યભરમાં ઠંડી વધવાની શક્યતા : હવામાન વિભાગ

અમદાવાદમાં ૧૩.૫, ગાંધીનગર ૧૩.૨ ડિગ્રી તાપમાન

અમદાવાદ, તા.૨૮

રાજ્યમાં ઠંડી ઉત્તરોત્તર એવી રીતે વધી રહી હતી અને છેલ્લા બે દિવસથી રાજ્યના વિવિધ શહેરોમાં ઠંડીનો પારે ૧૨થી ૧૫ ડિગ્રી આસ-પાસ રહેતા સમગ્ર રાજ્યમાં ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. ત્યારે આજે ૧૦.૫ ડિગ્રી સાથે નલિયા રાજ્યનુ સૌથી ઠંડુ શહેર બન્યુ છે. જ્યારે અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૩.૫ ડિસે પર સ્થિર રહ્યું હતુ. બીજી તરફ હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, આગામી દિવસોમાં હજુ ઠંડી વધવાની શક્યતા છે જ્યારે આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીની આસ-પાસ રહેશે. બુધવારે નલિયામાં રાજ્યનું સૌથી નીચું લઘુતમ તાપમાન ૧૦.૫ ડિગ્રી સેલ્શિયસ નોંધાતા વહેલી પરોઢે કડકડતી ઠંડીનો અહેસાસ લોકો કર્યો હતો.

આ ઉપરાંત રાજ્યના મોટા ભાગના શહેરોમાં પણ ફુલગુલાબી ઠંડીનો અહેસાસ થઇ રહ્યો છે. ઠંડી વધવાની સાથે સાથે વાઇરલ ઇન્ફેક્શન અને શર્દી ખાંસીના કેસમાં પણ નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે. જેમાં સૌથી વધુ બાળકો અને વૃધ્ધોનો સમાવેશ થાય છે.બુધવારે નોંધાયેલા લઘુતમ તાપમાન ગાંધીનગર ૧૩.૨, મહુવા ૧૩.૯, વલસાડ ૧૩.૫ વડોદરા ૧૫.૧, ડીસા ૧૩.૪, વલ્લભવિદ્યાનગર ૧૭, નલિયા ૧૦.૫, દીવ ૧૪.૮, ભાવનગરમાં ૧૫.૭ ડિગ્રી સેલશિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત મહત્તમ તાપમાન પણ ૩૩ ડિગ્રી જેટલું ઉંચું રહ્યું હતું તેથી ગુલાબી ઠંડી બપોરના સમયે લુપ્ત થઈ હતી અને સામાન્ય ગરમી વર્તોતી હતી. દરમિયાન હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૨૪ કલાકમાં આકાશ સ્વચ્છ રહેશે તથા સૂર્યાચ્છાદિત વાતાવરણ રહેશે તેમજ તાપમાનમાં વિશેષ વધઘટ થવાની વકી નથી અને સુકો પવન નીચલા સ્તરે ફુંકાશે.

ડીસામાં તેર વર્ષિય માસુમ સગીરા સાથે બળાત્કાર કરનાર યુવક વિરૂદ્ધ ફરિયાદ

ડીસા, તા. ૨૮

ડીસાના રેલવે સ્ટેશન રોડ પાસે આવેલ શ્રમજીવી વિસ્તાર એવા વણઝારા વાસમાં રહેતા એક પરિવારની તેર વર્ષની દિકરીને રીક્ષા ચલાવતો એક ઈસમ છ દિવસ પહેલા લલચાવી ફોસલાવી લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. આ મામલે તે બાદ સગીરાના પરિવારજનોએ ડીસા શહેર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જે બાદ આ સગીરા પાલનપુર ખાતેથી મળી આવતાં તેને પોતાની સાથે યુવકે આચરેલા કુકર્મની પોતાના પરિવારજનોને વાત કહેતા આ મામલે યુવક વિરૂદ્ધ બળાત્કારની ફરીયાદ નોંધાઈ હતી. જેમાં શહેર પોલીસે ભાગેડુ આરોપીને ઝડપી પાડવા સઘન શોધખોળ હાથ ધરેલ છે.

જેની વિગતો જોઈએ તો ડીસા રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા દલાજી લક્ષ્મણજી વણઝારાની તેર વર્ષિય સગીર ભત્રીજી ગત તા. ૨૨ નવેમ્બર-૨૦૧૨ના રોજ સાંજના સમયે ઘરેથી ગુમ થતાં પરિવારજનોએ તેની શોધખોળ કરી હતી. જો કે આ સગીરા મળેલ નહીં જેથી આ મામલે સગીરાના પરિવારજનોએ ડીસા શહેર પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ આપી હતી. જે બાદ ગઈકાલે સાંજે આ સગીરાની શોધખોળ કરતાં પરિવારજનોને આ પીડીત સગીરા પાલનપુર બસ સ્ટેન્ડ પાસેથી એકલી અટુલી ભયભીત હાલતમાં મળી આવી હતી. જે બાદ પરિવારજનોએ તેનો કબજો સંભાળી પુછપરછ કરતાં જાણવા મળેલ કે આ સગીરાને ભોપાનગર વિસ્તારનો રહીશ અને ઓટો રિક્ષા ચલાવતો પ્રકાશ કલ્યાણભાઈ લુહાર લલચાવી ફોસલાવી લગ્નની લાલચ આપી જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો હતો. અને આ સગીરાની મરજી વિરૂદ્ધ તેને ભય બતાવી તેની સાથે અનેકોવાર બળાત્કાર કર્યો હતો. આ હકીકત બહાર આવતા સગીરા પરિવારજનોએ ડીસા શહેર પોલીસમથકે આરોપી પ્રકાશ લુહાર રહે. ભોપાનગર ડીસાવાળા વિરૂદ્ધ ફસ્ટ ગુન્હા રજીસ્ટર નંબર ૨૨૧/૨૦૧૨ આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, મુજબનો ગુનો દાખલ કર્યો હતો. આ મામલે આરોપીને ઝડપવા શહેર પી.આઈ. ભદોરીયાએ ઘનિષ્ઠ તપાસ હાથ ધરેલ છે.

(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

ખેડબ્રહ્મા ભૃગુઋષિના મંદિરે મેળો ભરાયો

ખેડબ્રહ્મામાં ત્રિવેણી સંગમ કિનારે બીરાજમાન સ્વયંભુ ભૃગુઋષિ મહાદેવના મંદિર નજીક દેવદિવાળીના દિવસે ભવ્ય મેળો ભરાયો હતો. જેમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. મંદિરમાં દર્શન માટે લાઈનો લાગી હતી. ભૃગુઋષિના પ્રયત્નોથી ભીમાક્ષી નદીમાં માત્ર કાર્તીક પુનમના દિવસે જ વહેલી સવારે પ્રગટતી ગંગા નદીની લહેરની શ્રદ્ધા અને આસ્થાના કારણે હજારો ભક્તોએ નદીમાં સ્નાન કરી ધન્ય ન્યા હતા. અને વહેલી સવારે કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા નારાયણબલી તથા પંચબલીની વિધિઓ પણ કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા શહેર ત્રણ નદીઓના સંગમ સ્થાન ઉપર વસેલુ છે અને ત્રિવેણી સંગમ સ્થાને ભગવાન ભૃગુઋષિ મહાદેવના મંદિર નજીક પરંપરાગત મેળો ભરાયો હતો. ભૃગુઋષિના પ્રયત્નોથી દેવદિવાલી એટલે કે કારતક સુદ પૂનમના દિવસે વહેલી સવારે ગંગા નદીની ધારા પ્રગટતી હોય છે તેથી આ પવિત્ર સ્થાને ગંગાસ્થાન કરવા તથા પિતૃઓના અસ્થિ વિસર્જન માટે તથા મોક્ષની વિધિ માટે આવ્યા હતા. કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા નારાયણ બલી તથા અન્ય વિવિ દ્વારા તર્પણ સંપન્ન કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાર્તકી પૂનમના મેળામાં મુલા-ચણીબોર તથા શીંગોડા ખરીદી ભોળા શંભુને અર્પણ કરી ધન્યતા અનુભવના હોય કે મુળા-બોર તથા સીંગોડા ભગવાન ભૃગુઋષિને ધરાવી પછી જ ખાવાની ઘણા શ્રદ્ધાળુઓને ટેક હોય છે જે આજે પુરી કરતા હોય છે.

હિંમતનગરમાં આધાર કાર્ડ મેળવવાની કામગીરી શરૂ

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગર ખાતે આવેલ મદેસા હાઈસ્કૂલમાં આધાર કાર્ડની કામગીરી તા. ૨૯મી નવેમ્બરથી શરૂ કરવામાં આવશે. જેનો સમય સવારે ૧૧ થી ૫ વાગ્યા સુધીનો રહેશે. જે વ્યક્તિઓએ આધારકાર્ડ મેળવ્યું ન હોય તેમણે આધાર કાર્ડ મેળવવા માટે રેશનકાર્ડની બે ઝેરોક્ષ તથા ચૂંટણી કાર્ડની બે ઝેરોક્ષ સાથે લાવવાનું રહેશે તેમ ઈકરા ફાઉન્ડેશનના ચેરમેન યુસુફ શાણુગરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

શ્રી નવગ્રહ વિધાન અને વિશ્વ શાંતિ મહાયજ્ઞ

લક્ષ્મીપુરા, તા. ૨૮

લક્ષ્મીપુરા ગામથી સાત કિ.મી. દૂર અતિશય પાવનક્ષેત્ર દેરોલ કે જે દેવપુરીના નામથી પણ પ્રચલિત છે અતિ રળિયામણું પીકનીક સેન્ટર બને તેવું આ સ્થળ અરવલ્લીની ગિરીકંદરાઓમાં સોહામણું લાગે છે તા. ૨૮-૧૧-૧૨ને બુધવારે કાર્તિક સૂદ પૂર્ણિમાએ ૧૦૦૮શ્રી મનોકામના સિધ્ધ પૂર્ણ પાર્શ્વનાથ ભગવાનની પવિત્ર છાયામાં વિશ્વશાંતિ માટે શ્રી નવગ્રહ વિધાન અર્થે મહાયજ્ઞનું પૂર્ણ આયોજન દેવદિવાળીના પુનિત પર્વે આયોજવામાં આવ્યું.

જેમાં દૂર દૂરથી હજારોની સંખ્યામાં શ્રાવકોએ તથા ભકતોએ ભાવ પૂર્ણ આરાધના સહ ધન્યતા અનુભવી. દેવપુરી અતિશયક્ષેત્ર એટલે કે દેરોલની પાવન ભૂમિ ખાતે શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ ભગવાનની પાવનકારી મૂર્તિ ભારતભરમાં આ એક જ સ્થાને બિરાજીત છે. આ પ્રસંગે હજારો ભાવિક ભકતોએ ૧૦૫ શ્રી આચાર્યશ્રી સૂર્યમતી માતાશ્રીના પરમ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ખૂબીની વાત તો એ છે કે આવા પવિત્ર પ્રસંગે આટલી જનમેદની હોવા છતાં કયારેય કોઈ ભાવિકોને જરા પણ મુશ્કેલી પડતી નથી જે સત્યતા હોવાનો મોટો પુરાવો છે.

ડીસા પંથકમાં દેવદિવાળીની ઊમંગભેર ઉજવણી કરાઈ

ડીસા, તા. ૨૮

દેવદિવાળીના પાવન પર્વે ડીસા તાલુકા સહિત જિલ્લાભરમાં ઉત્સવો અને લોકમેળા યોજાયા હતા. જેમાં આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને શેરડી મીઠાઈ સહિતની વસ્તુઓની ખરીદી સાથે મેળાને મનભરીને માણ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દેવ દિવાળી નિમિત્તે પિતૃતર્પણ કરવા માટે સિદ્ધપુરમાં ભરાતા લોક મેળામાં જિલ્લાવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ગાડીઓ, ટેમ્પા ટ્રેક્ટર સહિતના વાહનોમાં લોકો સરસ્વતી નદીના તટમાં પહોંચી ગયા હતા જ્યાં મૃતક સ્વજનોના આત્માને શાંતિ મળે તે માટે ધાર્મિક વિધિ કરી હતી તેમજ નદીના પાણીમાં સ્નાન કરી દિવા તરતા મૂક્યા હતા તેમજ બ્રાહ્મણો અને કુંવાસીઓને યથાશક્તિ મુજબ દાન કર્યુ હતુ. દેવ દિવાળીને લઈ ડીસા શહેરમાં છેલ્લા પાંચ દિવસથી ખરીદી અર્થે લોકોની ભીડ સર્જાઈ હતી.

સમાચાર ઝલક

- રૂપિયા પાંત્રીસ હજારને પાર કરશે સોનાનો ભાવ, લગ્નગાળામાં ભાવ વધવાની શક્યતાઓ.
- જોધપુરમાં મહિલા એરફોર્સનું શબ મળ્યું.
- મુંબઇના હાઇપ્રોફાઇલ વિસ્તારમાં ભીષણ આગ, આગ કાબૂમાં લેવાઇ.
- બગદાદમાં ૩ બોમ્બ વિસ્ફોટથી ૧૯ વ્યક્તિઓનાં મોત.
- ગુજરાતની ચૂંટણી વિદેશી પ્રવાસીઓ નિહાળશે, ૧૫૦૦ વિદેશી પ્રવાસીઓ આવનાર છે.
- ભચાઉ વિસ્તારમાં ગત મોડી રાત્રે ધરતીકંપના આંચકા અનુભવાયા.
- વિસનગરમાં ગર્ભ પરીક્ષણના મામલે તબીબની ધરપકડ.
- ઝી ન્યુઝના પત્રકારની ધરપકડ સામે વિપક્ષનો આકોશ, પ્રેસને દબાવવાનું ષડયંત્ર : ઝી ન્યૂઝ
- દેશભરમાં કાર્તિક પૂર્ણિમાની ઉંમગભેર ઉજવણી.
- અરવિંદ કેજરીવાલ સોમવારે મહારાષ્ટ્રના સિંચાઇ કૌભાંડ અંગે વધુ માહિતી આપશે.
- કાશ્મીરમાં સી.આર.પી. કેમ્પ પર આતંકવાદીઓનો હુમલો, ૧ જવાબ શહીદ.
- નલિયા ગુજરાતનું સૌથી ઠંડુ શહેર.
- અમદાવાદ-દિલ્હી વિમાની સેવા લેટ થતાં પ્રવાસીઓમાં રોષ.
- સ્વૈચ્છિક સંસ્થાઓને વિદેશી ફંડ મળે તે સામે સી.બી.આઇ.ની તપાસ.
- ઇન્ડિયન ઓઇળ ગુજરાતમાં રીફાઇનરી સ્થપાશે.
- વિદેશી મુડી રોકાણનાં મુદ્દે સંસદમાં મંગળવાર-બુધવારે ચર્ચા થશે : કમલનાથ

ડીસાના સ્પોર્ટસ કલબ પાસે રહેતી યુવતીએ સાસરીયા વિરૂધ્ધ દહેજ મામલે ફરિયાદ નોંધાવી

ડીસા, તા.૨૮

ડીસાના સ્પોર્ટસ કલબ પાસે આવેલ શ્રમજીવી વિસ્તારમાં રહેતી એક યુવતીને અમદાવાદ ખાતે પરણાવેલ હતી. જો કે ચાર વર્ષના લગ્નજીવનમાં આ યુવતીને અમદાવાદ ખાતે રહેતા તેના પતિ તેમજ સાસરીયાઓ દ્વારા અવાર નવાર ત્રાસ અપાતા આ યુવતીએ તમામ વિરૂધ્ધ ડીસા શહેર પોલીસ મથકે ત્રાસ અને દહેજ પ્રતિબંધક ધારા અન્વયે ફરીયાદ આપતા ચકચાર મચેલ છે.

જેની વિગતો જોઈએ તો ડીસાના સ્પોર્ટસ કલબ પાસે હાસીયાપીરની દરઘા નજીક પોતાના પીયરમાં રહેતી અને યુવતી અનીતાબેન યોગેશભાઈ રાજપુતના લગ્નસમાજના રીતી રિવાજો મુજબ અમદાવાદ ખાતે થયા હતા. જેમાં આ યુવતીને છેલ્લા ચાર વર્ષથી તેના પતિ અને જેઠ-જેઠાણી તથા સાસરીયાઓ દ્વારા દહેજ મામલે અવાર નવાર મહેણા ટોણા મારી ત્રાસ અપાતો હતો અને આ યુવતીને તેના પિયરમાંથી એક લાખ રૂપિયા લઈ આવવા દબાણ કરાતું હતું. જેનાથી આ યુવતી ડીસા ખાતે તેના પિયરમાં આવી રહેતી હતી. જો કે પિયરમાં પણ તેના સાસરીયાઓ આવી ધમકી આપી દહેજની માંગણી કરતાં આખરે કંટાળી આ યુવતીએ તેના પતિ સહિત સાસરીયાઓ વિરૂધ્ધ ડીસા શહેર પોલીસ મથકે ફરિયાદ આપી હતી. આ મામલે ડીસા શહેર પોલીસે ફર્સ્ટ ગુન્હા રજીસ્ટ્રર નંબર ૨૨૨/૨૦૧૨ આઈ.પી.સી. કલમ ૪૯૮ ક, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) ૧૧૪ તેમજ દહેજ પ્રતિબંધક ધારા કલમ૩, ૭ મુજબ યોગેશ પરબતભાઈ રાણા, પરબત દપજી રાણા, વિધ્યાબા પરબતભાઈ રાણા, રાજનબા દપજી રાણા, મહુબા વિક્રમભાઈ રાણા તમામ રહે. અમદાવાદ વાળાઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮